ગાંધીનગરના ગ અને ખ માર્ગ પર એસ ટી સેવાના નામે મીંડુ રહીશોમાં આક્રોશ

આસપાસના સેકટરવાસીઓને અગાઉ ઘર આંગણેથી જ અમદાવાદ જવા માટે બસ મળતી હતી : કોરોના કાળમાં એસ ટી બસ સેવાનો રૂટ ખોરવાયોઃ શહેર નજીકના ગામોમાં પણ સલામત સવારી નસીબ થતી નથી

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા શહેરી બસ સેવાનુ યોગ્ય રૂટોમાં સચાલન ગોઠવાય તે માટે સ્થાનિકોએ માંગણી કરી છે. નગરના ગ અને ખ માર્ગ પર બસ સેવાના નામે મીંડુ ચિતરાયેલુ છે. જેના લીધે આસપાસના સેકટરવાસીઓને પણ બસસેવા માટે વલખા મારવા પડે છે. આ ઉપરાંત રીલાયન્સ ચોકડી સહીત કુડાસણ વિસ્તારમાં અલબત્ત ન્યુ ગાંધીનગર વિસ્તારમાં પણ બસના રૂટોનુ યોગ્ય સંચાલન કરવામાં આવે તો પુરતા પ્રમાણમાં સ્થાનિકોને લાભ મળે તેવી પણ માંગણી ઉઠવા પામી છે. ગાં

ગાંધીનગરમાં એસ ટી ની સલામત સવારીના યોગ્ય રૂટ ગોઠવાય તે માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. કોરોના કાળના અંતે સેકટરવાસીઓને અગાઉ વિવિધ સેકટરમાંથી મળતી રૂટ સેવા ખોરવાઇ ગઇ છે. છેલ્લા ઘણાં સમયથી શહેરમાં ખ -૧ થી ખ-૭ સુધી બસ સેવા ઉપલબ્ધ નથી ખ માર્ગની આસપાસ સ્થિત સેકટરવાસીઓએ પણ આ રૂટમાં બસ સેવા શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગણી કરી છે. આ ઉપરાંત ઇન્ફોસીટીથી અમદાવાદ તરફના રૂટમાં દોડતી બસો પણ વાયા કુડાસણ અલબત્ત રીલાયન્સ ચોકડી થઇને રૂટમાં દોડવાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. જેથી નવા સેકટરવાસીઓને પણ શહેરી બસ સેવાનો લાભ મળે. ગાંધીનગર શહેરી બસ સેવા અન્વયે ડેપો કક્ષાએથી સચિવાલયના કર્મચારીઓ માટે પોઇન્ટની બસ પણ દોડવામાં આવે છે. આ ઉપરાંત સરખેજ રૂટની બસની પણ વધુ માંગ હોવાથી આ રૂટમાં પણ બસો વધારી દેવામાં આવી છે. પરંતુ સમગ્ર શહેરી બસ સેવાના રૂટને અનુલક્ષી યોગ્ય આયોજન થાય તેવી પણ માંગ ઉઠવા પામી છે. શહેરમાં કોરોના કાળ દરમિયાન છેલ્લા અઢી વર્ષથી સેકટરવાસીઓને વિવિધ માર્ગોના રૂટ પરથી સલામત સવારી નસીબ થતી નથી એકબાજુ શહેર નજીકના ગામોમાં પણ સલામત સવારીના અભાવે વિદ્યાર્થીઓ અને નોકરીયાતોને ખાનગી વાહનોમાં અપડાઉન કરવુ પડતુ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. જયારે અગાઉ શહેરના ગ અને ખ માર્ગ પર એસ ટી બસો દોડતી હતી જેથી આસપાસના સેકટરવાસીઓને ઘર આંગણેથી જ અમદાવાદ જવા માટે બસ સેવા ઉપલબ્ધ થતી હતી પરંતુ લાંબા સમયથી એસ ટી બસ સેવાના શહેરમાં રૂટ ખોરવાઇ ગયા છે. જેના લીધે સેકટરવાસીઓને બસ સેવા માટે મુશ્કેલી વેઠવી પડે છે. સેકટરવાસીઓને બસ માટે છે ક ડેપો સુધી લાંબા થવાની પણ ફરજ પડે છે. આ સ્થિતિને અનુલક્ષી ગાંધીનગર એસ ટી ડેપો દ્વારા રૂટોનુ યોગ્ય સંચાલન થાય તે માટે યોગ્ય આયોજન કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર ડિસ્ટ્રીકટ કોર્ટમાં આજે સ્ટડી સર્કલનુ ઉદઘાટન કરાયુ હતુ. આ ઉદઘાટન સમારોહમાં એડી ડીસ્ટ્રીકટ જજ એસ એન સોલંકી, એડી ડિસ્ટ્રીકટ જજ શ્રી ડી કે સોની, સિવિલ જજ એચ વી જોષી તેમજ એડીશ્નલ ચીફ જયુ મેજી શ્રી એચ આર પરમારની ઉપસ્થિતિમાં આ સ્ટડી સર્કલને ખુલ્લુ મુકવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ડી જી પી હીતેશભાઇ રાવલ ગાંધીનગર બાર એસોસિએશનના પ્રમુખ લાલસિંહ ગોહીલ, ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય શંકરસિંહ ગોહીલ સહીત અન્ય વકીલો ઉપસ્થિત રહ્યા હતા. આ સ્ટડી સર્કલના સહાયક તરીકે વિપુલ વાઘેલા અને ક્રિષ્ના રાવલે જહેમત ઉઠાવી હતી. જયારે ગુજરાત બાર કાઉન્સિલના સભ્ય પરેશભાઇ જાનીએ પણ ઉપસ્થિત રહી સૌને માહીતગાર કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ સંચાલન શંકરસિંહ ગોહીલે કર્યુ હતુ.

ગાંધીનગરમાં ડૉ.આંબેડકરની ૧૩૧મી જન્મજયંતિએ મહારેલીનું આયોજન

ગાંધીનગર, તા.૧૨

વિશ્વવિભૂતિ, મહામાનવ "ભારતરત્ન" ડૉ.બાબાસાહેબ આંબેડકરની ૧૩૧મી જન્મજયંતિ નિમિત્તે સ્વયમ્ સૈનિક દળ દ્વારા મહારેલી અને મહાસલામીનું આયોજન કરવામાં આવ્યું છે. આ રેલી તા.૧૪મી એપ્રિલ ગુરુવારે સવારે ૮.૩૦ કલાકે ગાંધીનગરના સે.૨એથી યોજાશે. રેલીનો રૂટ જે જાહેર કરાયો છે તે મુજબ રેલીનું પ્રસ્થાન સેક્ટર-૨એમાં પ્લોટ નં.૧૨૫૧ સામેના મેદાનથી કરાશે જે સેક્ટર - ૩ન્યુ, સે.૩ થી સેક્ટર - ૬, સેક્ટર-૧૨, સેક્ટર - ૧૩, સેક્ટર-૧૪, સેક્ટર - ૨૪, સેક્ટર - ૨૨, સેક્ટર - ૧૭ થઇને વિધાનસભા સામે ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા ખાતે પંહોચશે જયાં ડૉ.બાબાસાહેબની પ્રતિમાને મહાસલામી આપવામાં આવશે. રેલીમાં મોટી સંખ્યામાં મોટર સાઇકલ, સ્કૂટર, રીક્ષા અને કાર જેવા વાહનો યોજાશે. મૂળનિવાસી બહુજન સમાજના બધા જ નાગરિકોને પોતાની નૈતિક જવાબદારી સમજીને ફરજિયાત આવવા સ્વયમ્ સૈનિક દળે સોશિયલ મિડીયા થકી હાકલ કરતાં જણાવ્યું છે કે "હજારો વર્ષોથી ગુલામ, શોષિત, પીડિત, વંચિતોના મસીહા, નારીના મુક્તિદાતા, સંવિધાન નિર્માતા ડૉ.બાબાસાહેબ આંબેડકર કે જેમણે પોતાનું આખું જીવન ગરીબ, શોષિત, પીડિતો હક અધિકારો માટે કુરબાન કરી દીધું, પશુ કરતા પણ બદતર જીવન જીવતા નાગરિકોને માનવતા પ્રદાન કરી, એવા મહામાનવ ડૉ.બાબાસાહેબ આંબેડકર આપણા જીવનદાતાને સન્માન આપવું એ દરેક મૂળનિવાસી બહુજન સમાજના નાગરિકોની નૈતિક જવાબદારી છે. આવો સૌ સાથે મળી ડૉ.બાબાસાહેબને મહાસલામી આપીને અભિવાદન કરીએ, સન્માન આપીએ, બાબાસાહેબના ઉપકારોને, બાબાસાહેબના સંઘર્ષોને યાદ કરીએ, અને બાબાસાહેબના આંદોલનને આગળ વધારવાનો સંકલ્પ કરીએ" તેવી પણ હાકલ કરવામાં આવી રહી છે.

રામનવમીના પવિત્ર દિવસે હનુમાનજી મહારાજને પ્રસંન્ન કરતો "સુંદરકાંડ પાઠ" સેકટર-૨૬,કિશાનનગર ખાતે યોજાયો હતો,મોટી સંખ્યામા ભક્તોએ ભારતીબાપુની વ્યાસ પીઠે પાઠ નુ ગાન અને રશપાન કરાવ્યુ હતુ

જીલ્લા કાનૂની સત્તા મંડળ ગાંધીનગર ના ઉપક્રમે લીગલ વોલનટીયર કે. કે. પટેલ અને જયરામ સોની દ્વારા તા.૧૧ એપ્રિલ ૨૦૨૨ રાષ્ટ્રિય માતૃત્વ દિવસની ઉજવણી કરવામાં આવી. શહેરના યોગ વર્ગમાં ઉપસ્થિત બહેનોને જયરામ સોની દ્વારા સુભદ્રા, કુન્તી, સીતા, શકુન્તલા, જીજાબાઇ જેવા મહાન માતાઓ દ્વારા બાળકને શુરવીરતા, સત્યનિષ્ઠા ના સંસ્કાર સિંચન ની માહિતી ઉપરાંત પ્રેગ્નન્સી દરમ્યાન શારિરીક અને માનસિક સ્વસ્થ બાળકનાં જન્મ સારૂ સાવચેતી રાખવા, ખોરાક, પીણાં, દવા, હળવા વ્યાયામ વિશે જાણકારી આપવામાં આવી હતી.

સરઢવ ખાતે જિલ્લાકક્ષાના બીજા તબક્કામાં ખરવા-મોવાસાના રસીકરણનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૨

જિલ્લાના પશુધનમાં ખરવા-મોવાસાના રસીકરણના બીજા તબક્કાનો આજથી રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરઢવથી આરંભ કરાવ્યો હતો.

ગામમાં ૧૮૦૦ થી વધુ પશુઓનું રસીકરણ કરવામાં આવશે. જિલ્લામાં આ રસીકરણ અભિયાન ૨૬-૫-૨૦૨૨ સુધી ચાલશે. આ અભિયાનને ખુલ્લુ મુકતાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ ખરવા-મોવાસાના રસીકરણનો લાભ લેવા પશુપાલકોને જણાવ્યુ હતુ. તેમણે કહ્યું કે પશુઓ રોગમુક્ત થશે અને સમાજને તેનો સીધો ફાયદો થશે. આ રસીકરણ અભિયાન મફતમાં છે ત્યારે પશુપાલકો આ અભિયાનમાં તંત્રને સહયોગ કરે તે જરૂરી છે.

અભિયાન અંગેની જાણકારી આપતાં જિલ્લાના પશુપાલકન અધિકારી ડૉ. એસ.આઈ. પટેલે કહ્યુ હતુ કે યલો ઇયર ટેગ ધરાવતા ૪.૫૦ લાખ જેટલા પશુઓને આ અભિયાનમાં આવરી લેવામાં આવશે. તેમણે જણાવ્યુ હતુ કે આ અભિયાનની ઈનાફ પોર્ટલ પર એન્ટ્રી કરવામાં આવી રહી છે. સરઢવમાં આજે યોજાયેલ પશુ સારવાર કેમ્પનો ૮૫૦ જેટલા પશુઓને સારવાર આપવામાં આવી હતી.

રાજ્યપાલની શુભેચ્છા મુલાકાત લેતાં ભારત સ્થિત સિંગાપુરના ઉચ્ચાયુક્ત શ્રીમાન સાઈમન વોંગ

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતની ભારત સ્થિત સિંગાપુરના ઉચ્ચાયુક્ત શ્રીમાન સાઈમન વોંગ (Mr. Simon Wong)એ રાજભવન ખાતે શુભેચ્છા મુલાકાત લીધી હતી. તેમની સાથે મુંબઈ સ્થિત સિંગાપુરના કોન્સ્યુઅલ જનરલ શ્રીમાન ચેઓંગ મિંગ ફૂંગ (Mr. Cheong Ming Foong) સહિત પ્રતિનિધિમંડળના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. મુલાકાત દરમિયાન તેમણે ભારત અને સિંગાપુર વચ્ચેના દ્વિ-પક્ષીય સંબંધોને મહત્વપૂર્ણ ગણાવ્યા હતા અને ગુજરાતના સર્વાંગી વિકાસ અંગે પ્રસન્નતા વ્યક્ત કરી હતી. રાજ્યપાલશ્રીએ શ્રીમાન સાઈમન વોંગને સ્મૃતિ ભેટ આપી તેમનું અભિવાદન કર્યું હતું.

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો દ્વિતીય પદવીદાન સમારંભ આગામી ૨૧મી ઍપ્રિલે યોજાશે

ગુજરાતના ખૂણે-ખૂણેથી તેજસ્વી છાત્રોને શોધવા 'ભારત જ્ઞાન પરીક્ષા' લોન્ચ : ૧૦ લાખથી વધુ બાળકોને જોડતો ઓનલાઈન સમર કેમ્પ મે માસમાં યોજાશે

ગાંધીનગર, તા. ૧૨

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીનો દ્વિતીય પદવીદાન સમારંભ કુલાધિપતિ ગુજરાતના રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને ૨૧મી ઍપ્રિલે નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટીના હૉલમાં યોજાશે, તેવું ચિલ્ડ્રન્સ યુનિવર્સિટીના કાર્યકારી કુલપતિ હર્ષદભાઈ શાહ જણાવે છે. આ પદવીદાન સમારંભમાં યુનિવર્સિટીના વિવિધ અભ્યાસક્રમોમાં અભ્યાસ કરતા ૧૦૧ વિદ્યાર્થીઓને પદવી આપવામાં આવશે, જ્યારે આઠ છાત્રોને ગોલ્ડ મેડલ અપાશે. આ પદવીદાન સમારંભ માટે ગુજરાતના મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી સહિતના મહાનુભાવોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

તેઓ વધુમાં જણાવે છે કે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી બાળકોના સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ છે. ગર્ભસંસ્કારના માધ્યમ દ્વારા તેજસ્વી બાળકના જન્મથી તેજસ્વી ભારતના નિર્માણના ઉદ્દેશ્ય સાથે આ યુનિવર્સિટી કાર્ય કરી રહી છે. વિશ્વની આ એકમાત્ર અનોખી યુનિવર્સિટીની સ્થાપના ભારતના યશસ્વી વડાપ્રધાન અને તત્કાલીન મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના વિચારબીજથી થઈ છે. બાળકોમાં રહેલી ક્ષમતાઓ, તેજસ્વિતાને પારખીને તેને વિકસાવવાનું, સંવર્ધન કરવાનું કામ પણ ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી કરે છે.

ગુજરાતના તમામ જિલ્લાઓમાં વસતાં તેજસ્વી બાળકોને શોધીને તેના હીરને વધુ નિખારવાના હેતુથી ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા આજથી ૮મી ઍપ્રિલથી 'ભારત જ્ઞાન પરીક્ષા' લૉન્ચ કરવામાં આવી રહી છે. આ પરીક્ષામાં ધોરણ ૬થી ૧૨ના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. ૯મી એપ્રિલથી તેના માટે રજિસ્ટ્રેશન શરૂ થશે, જે એક મહિના સુધી ચાલશે. ભારતનો ઇતિહાસ, ભૂગોળ, પર્યાવરણ, ભાષા-સાહિત્ય, વર્તમાન પ્રવાહો, રમત-જગત, નાગરિકશાસ્ત્ર અને બંધારણ સહિતના વિષયો આ પરીક્ષામાં હશે. તેના માટે અભ્યાસસામગ્રી રજિસ્ટ્રેશન સાથે જ આપવામાં આવશે. આ પરીક્ષાનો હેતુ તેજસ્વી છાત્રોને શોધીને તેમની ક્ષમતાઓને વધુ વિકસાવવાનો છે.

તેઓ વધુમાં જણાવે છે કે ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી વિશ્વનો સૌથી મોટા ઑનલાઈન સમર કેમ્પ કલામૃતમ્-૨૦૨૨ યોજવા જઈ રહી છે. ૧૧થી ૧૫ મે દરમિયાન આ સમર કેમ્પ યોજાશે, જેમાં ૧૦ લાખ બાળકોને જોડવાનું આયોજન છે. આ સમર કેમ્પમાં નાના બાળકથી લઈને ધોરણ ૧૨ સુધીના વિદ્યાર્થીઓ ભાગ લઈ શકશે. આ કેમ્પમાં રૂપિયા બે લાખ સુધીનાં ઇનામો આપવામાં આવશે. આ સમર કેમ્પમાં ગીત-સંગીત, ચિત્રકળા, વેસ્ટમાંથી બેસ્ટ, પપેટ તેમજ જાદુના ખેલ ઑનલાઈન શીખવવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી દ્વારા હાલમાં જ ૬થી ૯ માર્ચ દરમિયાન નડિયાદ ખાતે ગુજરાતની પ્રથમ અંડર-૧૧ એથ્લેટિક્સ મીટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના માટે ગુજરાતના ખૂણે-ખૂણેથી રજિસ્ટ્રેશન થયું હતું અને ૩૦૦૦થી વધુ બાળકો તેમાં જોડાયાં હતાં. આ ઉપરાંત પમી માર્ચે માતૃત્વ જાગરણ સંમેલન પણ યોજવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં સગર્ભા માતાઓ અને દિવ્ય સંતાનના જન્મનું આયોજન કરતાં દંપતીઓ જોડાયાં હતાં.

મોટાભાગનીશાકભાજીનો એક કિલોનો ભાવ ૨૦૦ને પાર

ગાંધીનગર, તા. ૧૨

શહેરમાં અનેક શાકભાજીના ભાવ ૨૦૦ રૂપિયા પ્રતિ કિલોને પાર પહોંચી ગયા છે. ૨૦૦ ક્લબમાં હવે ભીંડા, મરચાં અને લીલા વટાણા જેવા શાકભાજીનો સમાવેશ થાય છે. ભાવ એટલા વધારે છે કે હવે લોકોની થાળીમાંથી અમુક શાકભાજીના ગાયબ થઈ રહ્યા છે. સોમવારે હોલસેલ માર્કેટમાં લીંબુનો એક કિલોનો ભાવ ૨૦૦ રૂપિયા હતો જ્યારે કેટલાક વિસ્તારોમાં છુટક ભાવ ૪૦૦ રૂપિયા હતો. APMCના અધિકારીઓએ જણાવ્યું હતું કે, તાપમાનમાં વધારો થઈ રહ્યો હોવાથી, ઉનાળુ શાકભાજી ટૂંક સમયમાં માર્કેટમાં આવશે. આગામી પખવાડિયામાં સ્ટોકથી ભાવમાં ઘટાડો થવાની શક્યતા છે. શહેરમાં ખાસ કરીને સલાડમાં વપરાતા શાકભાજીનો વપરાશ વધ્યો છે. કોરોના પીક બાદ લોકો સ્વાસ્થ્ય પ્રત્યે વધારે જાગૃત બન્યા છે', તેમ અમદાવાદ APMCના સેક્રેટરી દીપક પટેલે જણાવ્યું હતું. 'તેથી શાકભાજીની માગ પણ વધી છે', માર્કેટમાં આગામા દિવસોમાં ફ્રેશ જથ્થો આવ્યા બાદ ભાવ સહેજ ઘટશે તેવી આશા પણ તેમણે વ્યક્ત કરી હતી. APMC વેપારી અબ્બાઝ ઝાફરીએ કહ્યું હતું કે, મોટાભાગના શાકભાજી મહારાષ્ટ્રમાંથી લાવવામાં આવે છે. તેમણે કહ્યું હતું કે, ઈંધણના ભાવમાં વધારો થતાં ટ્રાન્સપોર્ટેશન ખર્ચમાં પણ ૨૦થી ૨૫ ટકાનો વધારો થયો છે. તેમણે જણાવ્યું હતું કે, આ પરિબળ શાકભાજીના ભાવને અસર કરે છે. 'એકવાર સ્થાનિક ખેતરમાંથી શાકભાજી આવી ગયા બાદ, ભાવમાં ઘટાડો થશે', તેમ તેમણે કહ્યું હતું.નામ ન જણાવવાની શરતે સેટેલાઈટના એક વેપારીએ કહ્યું હતું કે, 'લોકોને શાકભાજીના ભાવ પરવડે તે માટે અમે કેટલીકવાર સારી ગુણવત્તાવાળા શાકભાજીને હલકી ગુણવત્તા ધરાવતા શાકભાજી સાથે મિક્સ કરી દઈએ છે.હાલ લીલા લીંબુને સૌથી સારી ગુણવત્તા ધરાવતા લીંબુ સાથે મિક્સ કરવામાં આવે છે.મોટેરામાં શાકભાજીના વેપારી રવિ મારવાડીએ જણાવ્યું હતું કે, 'શાકભાજી લાવવા માટે આ વિસ્તારના અમે ચાર વેપારીઓ સાથે મળીને રિક્ષા હાયર કરીએ છીએ. પહેલા એક ફેરાના ૫૦૦ રૂપિયા આપતા હતા, પરંતુ હવે સીએનજીના ભાવમાં વધારો થતાં ભાડું વધીને ૭૦૦ રૂપિયા થઈ ગયું છે. અમે તે ભારણ ગ્રાહકો પર નાખવા માટે મજબૂર છીએ. APMCના એક અધિકારીએ જણાવ્યું હતું કે, મોટાભાગના લોકો હોલસેલ ભાવ જાણતા નથી, તેથી તેઓ તેમના સ્થાનિક વિક્રેતાઓ પર વિશ્વાસ રાખે છે. 'જો શાકભાજીના હોલસેલ ભાવમાં ઘટાડો થયો તો પણ, રિટેલર્સ આગામી ચારથી પાંચ દિવસ સુધી વધારે પૈસા લેવાનું યથાવત્ રાખશે'.

વણઝારા વાસ અને હસનનગરના બે જૂથ સામ સામે

હિંમતનગરમાં ફરી હિંસા પેટ્રોલ ભરેલા બાટલા ફેંકાયા

હિંમતનગર,તા.૧૨

રવિવારે રામનવમી નિમિત્તે હિંમતનગરના છાપરીયા ગામે નીકળેલી શોભાયાત્રા પર પથ્થમારો થયો હતો. જે બાદ આજે આજંપાભરી શાંતિ જોવા મળી હતી. ત્યારે હિંમતનગરમાં ફરી એકવાર હિંસા ભડકી હતી. હિંમતનગરમાં રાત્રે વણઝારા વાસ અને હસનનગર વિસ્તારમાં હિંસા ભડકી હતી. બંને વિસ્તારમાં જૂથ દ્વારા સામ સામે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. તો હસનનગર વિસ્તારમાંથી પેટ્રોલ ભરેલા બાટલા ફેંકવામાં આવ્યા હતા. આ હિંસા બાદ પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે પોલીસે ટિયર ગેસના સેલ છોડ્યા હતા. રવિવારે સમગ્ર દેશ સહિત રાજ્યમાં રામનવમીની ધામધૂમથી ઉજવણી થઈ હતી. આ દરમિયાન રાજ્યના વિવિધ વિસ્તારમાં શોભાયાત્રા પણ નીકળી હતી. હિંમતનગરના છાપરિયા ગામમાં પણ રામનવમી નિમિત્તે શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે આ શોભાયાત્રા પર કેટલાંક અસામાજીક તત્વો દ્વારા પથ્થરમારો અને વાહનોમાં તોડફોડ તથા આગચંપી કરવામાં આવ્યો હતો. ત્યારે પોલીસે પરિસ્થિતિ પર કાબૂ મેળવવા માટે ટિયર ગેસના સેલ છોડ્યા હતા. એ પછી પરિસ્થિતિ સંપૂર્ણ કાબૂમાં હોય એવું લાગી રહ્યું હતું. ત્યારે સોમવારે હિંમતનગરમાં અજંપાભરી શાંતિ જોવા મળી હતી. પરંતુ હિંમતનગરમાં મોડી રાત્રે ફરી એકવાર શાંતિ ડહોળાઈ હતી. મોડી રાત્રે હિંમતનગરના વણઝારા વાસ અને હસનનગરમાં હિંસા ભડકી હતી. હિંમતનગરના વણઝારા વાસ અને હસનનગરમાં બે જૂથ સામ સામે આવી ગયા હતા. જે બાદ બંને જૂથ દ્વારા સામ સામે પથ્થરમારો કરવામાં આવ્યો હતો. એટલું જ નહીં હસનનગર વિસ્તારમાંથી પેટ્રોલ ભરેલા બાટલા પણ ફેંકવામાં આવ્યા હતા. જાણ થતાં જ મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટના સ્થળે પહોંચ્યો હતો. બાદમાં પરિસ્થિતિ પર કાબૂ મેળવવા અને ટોળાને વિખેરવા માટે પોલીસે ટિયર ગેસના સેલ છોડ્યા હતા. કોઈ સ્થાનિક દ્વારા આ હિંસાનો વિડીયો પોતાના મોબાઈલમાં કેદ કરવામાં આવ્યો હતો. બાદમાં આ હિંસાનો વિડીયો સોશિયલ મીડિયામાં ફરતો થયો હતો. ઘટનાના પગલે હિંમતનગર પોલીસનો મોટો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. અહીં પરિસ્થિતિ વધુ વકરે નહીં અને કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. મહત્વનું છે કે, રામનવમીના રોજ ભડકેલી હિંસા બાદ પોલીસે અસામાજીક તત્વો વિરૂદ્ધ કાર્યવાહી હાથ ધરી હતી. રવિવારે શોભાયાત્રા પર થયેલા પથ્થરમારા બાદ પોલીસે ૩૦થી પણ વધુ અસામાજીક તત્વોની ધરપકડ કરી હતી. સાથે જ ૧૪૪ની કલમ પણ લાગૂ કરવામાં આવી હતી. પોલીસ દ્વારા ધરપકડનો સિલસિલો ચાલુ જ હતો અને આ હિંસા ભડકી હતી. જો કે, પોલીસ દ્વારા આ તત્વોને ઝડપી પાડવા માટે પણ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

ફોર્મ ભરાયા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ માટે પ્રવેશ મેળવવા માટે ૩૭૪૨અરજીઓ આવી છે. સુત્રોના જણાંવ્યા મુજબ જિલ્લામાં ધો -૧ માટે ગ્રામ્ય વિસ્તારની સાપેક્ષમાં શહેરી વિસ્તારની શાળાઓમાં સંખ્યા ઓછી છે. જો કે આર ટી ઇ એકટ અન્વયે ફોર્મ વધુ ભરાયા છે. આ યોજના અન્વયે શિક્ષણ તંત્ર દ્વારા ગત તા ૩૦ માર્ચથી જ ધો -૧ માં પ્રવેશ માટે ઓનલાઇન પ્રક્રીયા પણ શરૂ કરી દેવામાં આવી હતી. જયારે આર ટી ઇ અન્વયે પ્રવેશને અનુલક્ષી આગામી તા ૨૪ એપ્રિલના રોજ પ્રથમ રાઉન્ડની કાર્યવાહી હાથ ધરાશે.

વધુ ૮ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચાલુ રાખી હતી. આજે નોંધાયેલા ૮ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

તંત્રએ પણ હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓની સંખ્યા વધતાં હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા સૂચનાઓ આપી છે. મનપા દ્વારા આ દર્દીઓનું ટેલિફોનિક મોનીટરીંગ પણ કરવામાં આવી રહ્યાનું જાણવા મળેલ છે.

કોરોનાની ત્રીજી લ્હેર સમાપ્તી તરફ હતી ત્યારે પુનઃ ઓમિક્રોન વેરિએન્ટે દેખા દેતાં નગરજનોમાં પણ ક્યાંક ક્યાંક ચિંતાનું મોજુ પ્રસરી ગયેલુ જોવા મળી રહ્યુ છે. ઓમિક્રોન રિટર્ન્સની વાતો પણ શહેરમાં ચર્ચાનો મુદ્દો બન્યો છે.

લાઈન નંખાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયારે આ યોજના અન્વયે તમામ જુની લાઇનના બદલે નવી લાઇન નાંખવામાં આવી રહી છે. જુની લાઇન નાંખવામાં આવ્યા બાદ વર્ષોના અંતે સેકટરો તેમજ સમાવિષ્ટ ગામોમાં વસતી અને વ્યાપ વધતા નવી લાઇન નાંખવા માટે તંત્ર સમક્ષ વારંવાર રજુઆતો પણ કરવામાં આવી રહી છે. જયારે આ રજુઆતોને ધ્યાનમાં રાખીને ચકાસણીના અંતે રૂ ૧.૯૯ કરોડના ખર્ચે વધારાની ગટર લાઇન નાંખવાની કામગીરી હાથ ધરવા માટે આયોજન કરી દેવાયુ છે.

રાજકીય માહોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખાતે પ્રદેશ પ્રમુખની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આમ મુખ્યમંત્રીએ એક જ દિવસમાં જિલ્લાની બે વિધાનસભા બેઠકોના બે મોટા ગામના કાર્યક્રમોમાં હાજરી આપી સૌને ચોંકાવી દીધા છે.

મુખ્યમંત્રીએ સરઢવ સાથેના સંબંધોની યાદ અપાવવામાં આવી હતી. આ કાર્યક્રમમાં તેમણે નાના-નાના સંકલ્પો થકી દેશસેવા કરવાનો અભિગમ અપનાવવાની પ્રેરક વાતો કહી હતી એ સાથે વૉટર ઓવર એક્સ્પલોઈટેશન કેટેગરીમાં આવતા જિલ્લામાં જળસંચયના કામો હાથ ધરવા હાંકલ કરી હતી.

તેમણે વિકાસમાં કોઈ રૂકાવટ નહિ આવે તેવી ખાત્રી આપતા કહ્યુ કે કેન્દ્રીય ગૃહમંત્રીનો વિસ્તાર છે અને મારા તમારા ગામ સાથેના સંબંધોની યાદ તાજી કરાવી છે. સાથે સાથે ગામના છોકરાઓ નિવૃત્ત નિવડેલા અધિકારીઓ છે તો તેમનો ઉપયોગ કરી વિકાસને વેગીલો બનાવવા કહ્યુ હતુ.

દરમ્યાન કોંગ્રેસ પક્ષની આઝાદી ગૌરવ પદયાત્રા જિલ્લાના ત્રણ વિધાનસભા વિસ્તારમાંથી પસાર થઈ છે અને કોંગ્રેસ પણ હવે સક્રિય થઈ છે એટલે જિલ્લાનો રાજકીય માહોલ ગરમાયો છે.

ચોમાસુ

● અનુસંધાન પહેલાનું ચાલુ

દક્ષિણ-પશ્ચિમ મોનસૂનની શરૂઆત પહેલા પ્રબળ થવાની સંભાવના છે. એટલા માટે અલ નીનોની ઘટનાથી ઈક્કાર કરવામાં આવે છે જે સામાન્ય રીતે મોનસૂનને હેરાન કરે છે. જો કે, ચોમાસામાં અચાનક અને તીવ્ર વરસાદની અપેક્ષા રાખવામાં આવે છે, જે અસામાન્ય રીતે લાંબા દુષ્કાળની વચ્ચે થાય છે.

ઈન્ડિયન ઓસિઅન ડીપોલેનો દ્વિધ્રુવ તટસ્થ છે. જોકે, આમાં થ્રેશોલ્ડ માર્જિનની નજીક ઝુકાવની પ્રવૃત્તિ છે. આઈઓડીસામેના પ્રતિકાર સામે ખાસ કરીને સિઝનના બીજા ભાગમાં ચોમાસાએ ઈએનએસઓ - તટસ્થ પરિસ્થિતિઓ પર સવારી કરવી પડશે. આ સંભવિતપણે માસિક વરસાદના વિતરણમાં ભારે પરિવર્તનશીલતાનું કારણ બની શકે છે.

આ આગાહી વર્તમાન પરિબળોના આધારે તૈયાર કરવામાં આવી છે એટલે તેમાં સમય અનુસાર ફેરફારના અવકાશ છે એમ ચીફ મિટીરિયોલોજીસ્ટ મહેશ પલાવત જણાવે છે. એમના વર્તમાન વરતારા અનુસાર ગુજરાત રાજ્યમાં વરસાદ આ સીઝનમાં ઓછો પડશે.

આકરી ગરમી

● અનુસંધાન પહેલાનું ચાલુ

વણસી છે, લોકો ગરમીમાં શેકાઇ રહ્યાં છે. હવામાન વિભાગે કહ્યું કે, ૭૨વર્ષમાં આ પહેલીવાર દિલ્હીમાં એપ્રિલના પહેલા ભાગમાં જ આટલું ઊંચું તાપમાન નોંધાયું છે.માહિતી પ્રમાણે આજે વાદળછાયા વાતાવરણને કારણે કાળઝાળ ગરમીમાંથી થોડી રાહત મળી શકે છે.

આ પહેલાં વર્ષ ૨૦૧૭માં ૨૧ એપ્રિલના રોજ રાજધાનીમાં મહત્તમ તાપમાન ૪૩.૨ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જે બાદ ૨૯ એપ્રિલ, ૧૯૪૧ના રોજ ઉચ્ચ મહત્તમ તાપમાન ૪૫.૬ ડિગ્રી હતું.